

## પુસ્તકપ્રાપ્તિ


વિતેલા માસ દરમ્યાન 'ગાંધીનગર સમાચાર'ને નીચે મુજબનાં પુસ્તકો પ્રાપ્ત થયાં છે, જે સાભાર સ્વીકારવામાં આવે છે.




**અલીબાબાસ વર્લ્ડ**
**ચીનની પ્રથમ અને વિશ્વની સૌથી મોટી ઈ-કોમર્સ કંપનીની શૂન્યમાંથી શિખર પર પહોંચવાની સફરકથા**
**લેખક : પોર્ટર એરિસમેન**
**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ**
**કિંમત : રૂા.૧૬૦**




**સ્વામી ચિન્મયાનંદ**
**વીસમી સદીની વિખ્યાત વિભૂતિ સ્વામી ચિન્મયાનંદનું જીવન ચરિત્ર**
**લેખક : પ્રસાદ બ્રહ્મભટ્ટ**
**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ**
**કિંમત : રૂા. ૨૦૦**




**અવર ચાઈલ્ડ અવર ચેલેન્જ**
**બાળકોની સમસ્યાઓ અને તેના સમાધાન અંગેના લેખોનો સંગ્રહ**
**લેખક : ડો ઊર્મિલા શાહ**
**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ**
**કિંમત : રૂા. ૧૮૦**




**તમારી કારકિર્દીને પાંખો આપો**
**કારકિર્દી ઘડતર માટેનાં કૌશલ્યો ખીલવવાની સમજ આપતું પુસ્તક**
**લેખક : નિલેશ મહેતા**
**પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર**
**પ્રાપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ**
**કિંમત : રૂા. ૧૮૦**

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**
**- સંપાદક**

# નીફ્ટના નિયમિત અભ્યાસક્રમોમાં બીજા વર્ષમાં સીધા પ્રવેશની તક

નીફ્ટ દ્વારા સરકારી/સરકાર માન્ય સંસ્થા / કૉલેજ / યુનિવર્સિટીમાંથી ક્ષેત્રના ડીપ્લોમા/ડિગ્રી અભ્યાસક્રમ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ માટે તેના નિયમિત અભ્યાસક્રમો જેવા કે ડિઝાઈન સ્નાતક (B. Design) અને ટેકનોલોજી સ્નાતક (B.F. Tech.)ના અભ્યાસક્રમો માં ખાલી બેઠકો ઉપર આગામી શૈક્ષણીક વર્ષ થી અમલમાં આવે તે રીતે બીજા વર્ષમાં સીધા પ્રવેશની દૂરંદેશી જાહેરાત નીફ્ટના ડાયરેક્ટર જનરલ દ્વારા કરવામાં આવેલ છે. આથી વિદ્યાર્થીઓ માટે નીફ્ટ ની ડિગ્રી મેળવવા અંગે એક અનોખી તક ઉભી થયેલ છે. આ તકનો લાભ મેળવનાર વિદ્યાર્થીઓ માત્ર ત્રણ વર્ષમાં નીફ્ટની ડિગ્રી મેળવી શકશે.

સામાન્ય રીતે ઈજનેરી ડીપ્લોમાં/ડિગ્રી અભ્યાસક્રમ પછી વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસની તકો ઓછી અને માર્યાદિત રહે છે. ડીપ્લોમા/ડિગ્રી પદવી મેળવ્યા પછી ટેકનોલોજી વિભાગમાં વિદ્યાર્થીઓ સામાન્ય રીતે તે જ શાખામાં સ્નાતક પદવી અંગે અભ્યાસક્રમ કરી શકે છે. નીફ્ટના ઉપરોક્ત નિર્ણયથી ડીપ્લોમા ઈજનેરી પદવી મેળવનાર વિદ્યાર્થીઓ ત્રણ વર્ષના ટુકાગાળા માં નીફ્ટની B.F. Tech. ની પદવી પ્રાપ્ત કરી શકે છે. તેજ પ્રમાણે હોમ સાયન્સ, ફેશન ડિઝાઈન અને ફેશન ડિઝાઈનને સંલગ્ન ડીપ્લોમા/ડિગ્રી અભ્યાસક્રમો જે સરકાર/સરકાર માન્ય કૉલેજ/યુનિવર્સિટી વગેરે ખાતેથી કરવામાં આવેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ પણ નીફ્ટ ના ડિઝાઈન અભ્યાસક્રમો માં સીધો પ્રવેશ મેળવી ને બેચલર ઓફ ડિઝાઈન (B. Design) ડિગ્રી મેળવી શકે છે. આ અભ્યાસક્રમો માં પ્રવેશ મેળવવા માટે ઉત્સુક વિદ્યાર્થીઓએ નીફ્ટની પ્રવેશ પરીક્ષા ઉત્તીર્ણ કરવાની રહે છે અને ત્યારબાદ પ્રાપ્ત કરેલ ગુણ અને વિવિધ ૧૫ કેન્દ્રો ખાતે ઉપલબ્ધ ખાલી બેઠકોને ધ્યાનમાં લેતા પ્રવેશ આપવામાં આવશે. આ રીતે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમની શરૂઆતમાં વિશેષ સંસ્કરણ આપવાની પણ જોગવાઈ કરવામાં આવેલ છે. આ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટેની સંપૂર્ણ વિગતો જેવી કે પ્રવેશ પ્રક્રિયા, ખાલી બેઠકોની માહિતી, પ્રવેશ પરીક્ષા વગેરે ને લગતી વિગતો નીફ્ટ ની વેબસાઈટ www.nift.ac.in ખાતે ઉપલબ્ધ છે. પ્રવેશ અરજી તા : ૦૫/૦૫/૨૦૧૬ થી ૦૩/૦૬/૨૦૧૬ સુધી ઓનલાઈન થઈ શકશે.

આ યોજનાનો લાભ મેળવવા ઉત્સુક વિદ્યાર્થીઓને નિઃશુલ્ક વિશેષ માર્ગદર્શન આપવા માટે નીફ્ટના ગાંધીનગર કેન્દ્ર (નિફ્ટ કેમ્પસ, ઈન્ફોસીટીની પાછળ, ઘ-૦ રોડ) ખાતે તાઃ ૨૦/૦૫/૨૦૧૬ સમયઃ સવારે ૧૧:૦૦ કલાકે તેમજ નીફ્ટ-સુરત (એસવીએનઆઈટી કેમ્પસ) ખાતે તાઃ ૨૮/૦૫/૨૦૧૬ સમયઃ બપોરે ૧૨:૦૦ કલાકે આયોજન કરવામાં આવેલ છે. જેનો લાભ લેવા પણ જાહેર નિમંત્રણ આપવામાં આવે છે. વધુ જાણકારી માટે સંપર્ક :૦૭૯-૨૩૨૬૫૦૦૨/૧૨ મોબાઈલ નંબર ૯૯૭૮૪ ૦૬૩૮૦, ૯૯૨૪૮ ૨૦૨૦૮ દ્વારા કરવા જણાવાયું છે.

# પ્રજ્ઞાચક્ષુ કન્યાઓ દ્વારા મ્યુઝીક આલ્બમમાં નૃત્ય



ગાંધીનગર, તા. ૧૮

સમાજના પ્રજ્ઞાચક્ષુઓ માટે અવીરત કાર્ય કરતી સંસ્થા બ્લાઈન્ડ્સ ડ્રીમ દ્વારા તાજેતરમાં મુંબઈ ખાતે મ્યુઝીક લોંચનો એક ખાસ કાર્યક્રમ આયોજીત કરાયો હતો. જેમાં સારેગામાપા ફેઈમ મ્યુઝીક ડાયરેક્ટર અનુજ કપોએ પજ્ઞાચક્ષુ કન્યાઓ માટે જ ખાસ ડ્રીમ વિઝન મેલોડી આલ્બમ લોંચ કર્યુ હતુ. આલ્બમમાં ૧૨ રોમેન્ટિક ગીતો જેમાં પ્રજ્ઞાચક્ષુઓ કન્યાઓની કોરિયોગ્રાફી કરવામાં આવી છે સાથે આ ગીતોમાં ડો.મન્સુરી તેમજ પ્રજ્ઞાચક્ષુ કન્યાઓએ સ્વર આવ્યો છે. પ્રથમ વખત પ્રજ્ઞાચક્ષુઓ માટેનો આ મ્યુઝિક આલ્બમ બહાર પડવાની પહેલી ઘટના છે. આ બ્લાઈન્ડ ડ્રીમ સંસ્થાના ચેરમેન ડો. સમીર મન્સુરી દ્વારા તાજતરમાંજ ૫૦ થી વધુ પ્રજ્ઞાચક્ષુઓને હવાઈ મુસાફરી દ્વારા મુંબઈ ખાતેના એસ.એલ.વર્લ્ડની યાદગાર સફર કરાવવામાં આવી હતી આવનારા સમયમાં પ્રજ્ઞાચક્ષુઓ માટેની મુવી (સિનેમા) બનાવવાની ડો. મન્સુરીએ ઈચ્છા વ્યક્ત કરી હતી. ભવિષ્યમાં પ્રજ્ઞાચક્ષુઓને ઈન્ટરનેશનલ ટુર દ્વારા મુસાફરી કરાવવાનો વિચાર વ્યક્ત કર્યો હતો. ડો. સમીર મન્સુરી કે જેઓ પોતે પણ પ્રજ્ઞાચક્ષુ છે તેમને તાજેતરમાં અમદાવાદના એસ.જી.વી.પી. સ્વામીનારાયણ સંસ્થા ખાતે યોજાયેલા ગૌરવવંતા ગુજરાતી એવોર્ડ સમારંભમાં બોલીવુડ સ્ટાર્સ એશ્વર્યારાય બચ્ચન દ્વારા એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા. સમાજમાં પ્રજ્ઞાચક્ષુ કન્યાઓ સ્વમાનભેર જીદંગી જીવી શકે તે માટે બ્લાઈન્ડ્સ ડ્રીમ સંસ્થા દ્વારા મોટા શહેરોમાં સ્પા સેન્ટરો શરૂ કરવામાં આવશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
અઝહર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
કૅપ્ટન અમેરિકા (૩ડી હિન્દી)
૩.૪૫, ૯.૪૫
કૅપ્ટન અમેરિકા (૩ડી અંગ્રેજી)
૧૨.૪૫, ૬.૪૫

**સ્ક્રીન-૪**
બાગી
૧૨.૧૫, ૩.૦૦, ૯.૪૫
ચુડેલ સ્ટોરી (એ)
૫.૪૫, ૭.૪૫

**સ્ક્રીન-૫**
૧૯૨૦ લંડન
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૭.૦૦
અઝહર
૧૦.૦૦

# ગરમીથી બચવા માથા સહિત આખું શરીર ઢંકાય તેવાં સફેદ સુતરાઉ કપડા પહેરવાં હિતાવહ

ગાંધીનગર, તા. ૧૮

ઉનાળાની ઋતુમાં બોપલ શહેર સહિત રાજ્યભરમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યુ છે અને ગરમીના કારણે લુ લાગવાના અનેક બનાવો બની રહ્યા છે ત્યારે બોપલના કાઉન્સિલર રેખાબેન સરડવા દ્વારા લોકોને લૂ લાગવાથી બચવાના ઉપાયો અંગે જરૂરી સલાહ સુચન તથા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. ગરમીના કારણે શરીર ઉપર થતી વિપરીત અસરોથી બચવા માટે શક્ય તેટલુ વધુ પાણી પીવુ જોઈએ અને બપોરના સમયે બહાર નિકળવાનું ટાળવુ જોઈએ. ગરમીના કારણે માથાનો દુઃખાવો, બેચેની, ચક્કર, ઉબકા કે તાવ જેવા કોઈ પણ લક્ષણો જોવા મળે તો તરત જ નજીકના સરકારી દવાખાનો સંપર્ક કરવો જોઈએ તથા ડોક્ટરની સલાહ-સારવાર લેવી જોઈએ. આ કાર્યક્રમમાં કાઉન્સિલર રેખાબેન સરડવા, વૃશાલીબેન દાતાર તથા પારૂલબેન પટેલ હાજર રહ્યા હતા.

બોપલના કાઉન્સિલર રેખાબેન સરડવાએ લૂ લાગવાથી બચવાના ઉપાયો અંગે જણાવ્યુ હતુ કે, ગરમીમાં શક્ય હોય ત્યાં સુધી બહાર નિકળવાનું ટાળવુ તથા માથા સહિત આખુ શરીર ઢંકાય તેવા સફેદ સુતરાઉ કપડા પહેરવા જોઈએ. નાના બાળકો, સગર્ભા માતાઓ, વડીલો, અશક્ત વ્યક્તિઓએ તડકામાં ફરવુ નહિ. દિવસ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવુ જોઈએ. શક્ય હોય તો લીંબુનું સરબત બનાવીને પીવું જોઈએ. ભીના કપડાથી માથું ઢાંકી રાખવુ અને જરૂર જણાય તો અવાર નવાર ભીના કપડાથી શરીર લુછવુ જોઈએ. ગરમીમાં બહારથી ઘરે આવ્યા પછી શરીરનું તાપમાન નીચે આવ્યા પછી જ સ્નાન કરવું જોઈએ. બજારમાં મળતો ખુલ્લો વાસી ખોરાક તથા બરફ ખાવાનો ટાળવો જોઈએ. ચા-કોફી ના બદલે તાજાં ફળોના રસનું સેવન કરવુ જોઈએ. ગરમીમાં માથાનો દુઃખાવો, બેચેની, ચક્કર, ઉબકા કે તાવ આવે તો તરત જ નજીકના સરકારી દવાખાનો સંપર્ક કરવો જોઈએ તથા ડોક્ટરની સલાહ-સારવાર લેવી જોઈએ.

## ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કૉલેજીસમાં
# પ્રવેશ માટે આજથી બૂકલેટ અને પીન નંબરનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરી દેવાયું છે. આ પરિણામ બાદ હવે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી ૨૦ સાયન્સ કોલેજોમાં ૭૬૬૦ બેઠકો માટે પ્રવેશપ્રક્રિયા શરૂ કરી દેવાનું નક્કી કરાયું છે.

તા.૧૯મીથી ૧ લી જૂન સુધી ૨૦ ખાનગી બેંકોમાંથી બુકલેટ અને પીનનંબર વિતરણ કરવામાં આવશે. જેના આધારે ૨૪મી મે થી ૨ જૂન સુધી વિદ્યાર્થીઓ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. હાલમાં જૂનના અંત સુધીમાં સાયન્સ કોલેજોમાં પહેલા તબક્કાની કાર્યવાહી પુરી કરી દેવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. બીજા તબક્કાની પ્રક્રિયા ઓગસ્ટમાં શરૂ કરાશે. ચાલુ વર્ષે સાયન્સ પ્રવેશમાં પણ અન્ય અનામત બેઠકોની જેમ આર્થિક અનામત કેટેગરીમાં આવતાં વિદ્યાર્થીઓ માટે પણ ૧૦ ટકા બેઠકો અનામત રાખવામાં આવશે.

ગત વર્ષની સરખામણીમાં બી ગૃપમાં અંદાજે ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ વધારે નોંધાયા છે. બોર્ડ દ્વારા પરિણામ પણ ઉંચુ આપવામાં આવતાં આ વખતે સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે ધસારો સર્જાય તેવી શકયતા છે. આ સ્થિતિમાં યુનિવર્સિટી દ્વારા આગામી બે દિવસમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ તા.૧૯મીથી ૧લી જુન સુધી ફોર્મ અને પીનનંબર ખરીદીને તા.૨૪મીથી ૨ જૂન સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. વિદ્યાર્થીઓએ ભરેલા ફોર્મના આધારે પહેલુ પ્રોવિઝનલ મેરીટલીસ્ટ ૪ જૂને જાહેર કરવામાં આવશે. જેના આધારે ફાઈનલ પ્રોવિઝનલ મેરીટલીસ્ટ ૬ જૂને જાહેર કરાશે. ઓનલાઈન રજિસ્ટ્રેશનની સાથે જ વિદ્યાર્થીઓએ કોલેજની ચોઈસ ફિલિંગ આપી દેવાની રહેશે. તા.૧૩ થી ૧૫ જૂન સુધી વિદ્યાર્થીઓ ચોઈસ ફિલિંગમાં ફેરફાર કરાવી શકશે. જેના આધારે ૧૬ જૂને ફાઈનલ મેરીટ અને વિદ્યાર્થીઓને પ્રથમ એલોટમેન્ટ ૨૦મી જૂને કરવામાં આવશે. વિદ્યાર્થીઓ તા.૨૨મીથી ૨૪મી દરમિયાન ટયૂશન ફી ભરી શકશે. ૩૦મી જૂનથી કોલેજોમાં પ્રથમ ટર્મનો પ્રારંભ કરવામાં આવશે. નોંધનીય છે કે સાયન્સમાં હાલ ૩ સરકારી, ૬ ગ્રાન્ટેડ મળીને કુલ ૯ કોલેજોમાં ૩૯૨૦ બેઠકો ઉપલબ્ધ છે. આજ રીતે ૧૧ સ્વનિર્ભર કોલેજોમાં ૩૭૪૦ બેઠકો ઉપલબ્ધ છે.

આમ, બન્ને કોલેજો મળીને ૭૬૬૦ બેઠકો માટે ઓનલઈન પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવી રહી છે. બી ગૃપમાં વિદ્યાર્થીઓને સંખ્યા વધુ હોવાના કારણે અને મેડિકલ-પેરા મેડિકલ બન્નેની બેઠકોની ગણતરી કરીએ તો પણ વિદ્યાર્થીઓ વધારે હોવાથી સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે ધસારો થાય તેવી શકયતા છે.

# અંતરિયાળ ગામોનાં ૬૦ હજાર બાળકોને વિનામૂલ્યે પુસ્તક વિતરણ અર્થે અભિયાન

ગાંધીનગર, તા. ૧૮

જીવનકલા ફાઉન્ડેશન, રાજકોટ દ્વારા ચાલુ વર્ષે કુલ ૬૦ હજાર બાળકોને વિનામૂલ્યે પુસ્તકોનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજમાંથી જૂનાં-નવાં પુસ્તકો એકત્ર કરી અંતરિયાળ ગામડાંનાં બાળકોને વિનામૂલ્યે વિતરણ કરવાની વિચારણા કરવામાં આવી છે. આ માટે ફાઉન્ડેશન દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે.

જીવનકલા ફાઉન્ડેશનના ટ્રસ્ટી જિગર જોષીએ આ અંગેની એક અખબારી યાદીના માધ્યમથી સમાજને અપીલ કરી છે કે જો આપની પાસે જોડકણાં, ઉખાણાં, બાળવાર્તા, બોધકથા, જાણવા જેવું, વિજ્ઞાન કથા, રંગપૂરણી-ચિત્રાવલી, કાર્ટૂન, બાળગીતો, પ્રાર્થના ગીતો વગેરે જેવાં બાળવિકાસનાં જૂનાં-નવાં પુસ્તકો હોય તો તે ફાઉન્ડેશનને આપી આ સેવાયજ્ઞમાં પોતાનો ફાળો નોંધાવી શકાય છે.

આ પુસ્તકો મોકલવા માટેનું સરનામું પણ સંસ્થા દ્વારા આપવામાં આવ્યું છે : આનંદ નંદાણી, એ-૨૦૧, સંતુર ગ્રેસ ફ્લેટ્સ, સરગાસણ ચાર રસ્તા પાસે, એસ જી હાઈવે, ગાંધીનગર (મો. ૯૮૭૯૫ ૦૮૨૩૯). વિવિધ જિલ્લાઓના પુસ્તકપ્રેમીઓ પણ આ અભિયાનમાં જોડાયા છે અને આ અભિયાન માટે પુસ્તકો એકત્ર કરી રહ્યાં છે. આ પ્રકારે પણ આ પ્રવૃત્તિ માટે સહકાર આવકારવામાં આવી રહ્યો છે. આ રીતે પ્રવૃત્તિમાં સહકાર આપવા ઈચ્છતા યુવા, જૂથોને મોબાઈલ નંબર ૯૯૨૫૧ ૫૭૪૭૫ દ્વારા સંપર્ક કરવા જીવનકલા ફાઉન્ડેશનની આ અખબારી યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.

# આમ આદમી વાસ્તવમાં શું છે ?




ભારતનું વૈવિધ્ય વિશ્વમાં બેજોડ છે. અહીંની ભાષાઓ, બોલીઓ, કપડાં, સંપ્રદાયો, રીત-રિવાજો, માન્યતાઓ અને પરંપરાઓ ખૂબ જ વિસ્તૃત અને અનોખાં મૂલ્ય જરૂર ધરાવે છે. ભારત જેવા વિશાળ દેશમાં વિવિધતામાં એકતા જાળવવા જતાં ગૌરવ લેવામાં પુષ્કળ કષ્ટ ઊભાં થતાં જોવા મળે છે. વિવિધ સૂરોને એકસાથે લયબદ્ધ કરવાનું કામ જેટલું મુશ્કેલ હોય તેવી જ અનુભૂતિ ભારતના ઐક્યમાં કે અખંડતા જાળવવામાં જોવા મળે છે. આમ આદમી આ બધામાં કેન્દ્રસ્થાને હોય છે. આપણે કોઈ રાજકિય પક્ષની વાત કરતા નથી પરંતુ સરેરાશ નાગરિક વાસ્તવમાં કોણ છે ? સમાજ એટલે સૌનો સરવાળે, હું તમે અને આપણે એટલે આપણો સમાજ. જેના માટે બધું જ થાય છે છતાં બધું જ પ્રાપ્ત કરી શકતા નથી. સહુનું કામ કોઈનું નહીં તેવી ગુજરાતીની પંક્તિ જાણીતી છે, એટલે જ્યાં જવાબદારી નિશ્ચિત થાય ત્યાં પરિમામો મળતાં થાય છે અને બિનજવાબદાર લોકો માત્ર ભાર બનીને નડતા રહે છે ! અર્થતંત્રનો પાયો ખેતી વત્તા નાના ઉદ્યોગો હોવા છતાં તેની વિચારણામાં આમ આદમી મુખ્ય રહે છે. કૉમન મૅન થવામાં શું જોઈએ અથવા શું નહીં હોવાથી આમ આદમી થઈ ગણતરીમાં આવી શકીએ ?

વાસ્તવમાં આમ આદમી એટલે કે સામાન્ય એક ભારતીય વ્યક્તિ જેની પાસે કશું વિશેષ નથી અથવા કોઈ વિભિન્ન શક્તિ યા પહેચાન નથી, જે બજારમાં ચાલતાં-ચાલતાં કોઈક પાનની દુકાન પર ટીવીમાં ચાલતી મૅચનું પ્રસારણ જોવામાં રોકાઈ જાય અને આનંદથી પાન કે તીસ નંબરની બીડીના ધૂમાડામાં જીવનના તનાવને ભૂલી જવાની બધી જ કોશિશ કરે છે ! કોઈકની દીકરી સાસરે જતી હોય ને શેરીના ખૂણે રિક્ષામાં તેનો પરિવાર વિદાય આપતો હોય તો દૂર રહીને આંખના ખૂણે આંસૂને રૂમાલથી લૂછીને દર્દ પામતો રહે અથવા બસમાં ચડ્યા પછી છેલ્લે પણ બેસવાની જગ્યા મળે તો કોઈ કૉમનવૅલ્થ ગેમનો ચંદ્રક મળ્યા જેટલો હર્ષ પામે તે આમ આદમી !

આમ આદમીની બધી સંવેદનાઓ નક્કર હોય છે એટલે તે દેશની, પોળની, ગામી, પરિવાર જેટલી ચિંતા કરતો જોવા મળે છે. જ્યાં સુધી નાણાંનો જાદુઈ સ્પર્શ થતો નથી ત્યાં સુધી આમ આદમી આમ જેવો મીઠો, સ્વીકૃત અને વહાલો જણાય છે ! આ ઉપરાંત આમ આદમી ટલે રામ નામના કારણે તરતો પથ્થર, જેના જીવનમાં હદ ઉપરાંતની શ્રદ્ધા હોય જ છે. કારણ કે તે પૂર્ણતઃ પ્રામાણિકતાના આદર્શમાં જીવતો હોય છે. તેને કોઈ કચેરીના ધક્કા કે છળ-કપટ હરગીઝ પસંદ પડતા નથી છતાં તે હડસેલાં ખાઈ-ખાઈને ઈશ્વર તથા ભાગ્યને દોષ આપતો રહે છે. એ સ્પષ્ટ રીતે માને છે કે પિતૃઓ એટલા નડતા નથી જેટલા જીવતા જાગતા સગા ને સંબંધીઓ નડે છે ! 'સમરથ કો ના દોષ ગુસાઈ' જેવી વાતોમાં તેને પૂરો ભરોસો છે. કેમ કે સ્વયંને સમર્થ કે સક્ષમ માની શકતો નથી.

નાણાંકીય કૌભાંડો પાછળ આવા નાગરિકો હોતા નથી એટલે હજી દેશ અને અર્થતંત્રને જીવંત રહેવાની ખાતરી મળે છે. ખાવાની વાતોમાં પેટનો ખાડો પૂરવાની ઉપાધિમાંથી આ આમ ઈન્સાન બહાર જ આવી શકતો નથી ત્યાં બીજું કશું ખાવામાં તેનું કોઈ ગજું હોતું નથી. લાંચ-રૂશ્વતનો વિરોધી હોવા છતાં પોતાના કામને પતાવવા તે ખૂબ હવાતિયાં મારે છે અને છેવટે કોઈ ઈષ્ટદેવ કે દેવીની માનતા રાખી કામ પૂરું થવાનાં સ્વપ્નો છોડતો નથી. એ જ આમ આદમીની ખરી પહેચાન છે. દેશના શેર બજારના આંકની ઉપાધિ કરનારાઓમાં તેનું કોઈ યોગદાન હોતું નથી, કારણ કે વાસી વધે તો ખાય ને ? બે ટંક બાદ રાત્રી અને સવાર પછી સાંજ તો પડશે જ એવું માનતા-માનતા તે રોજિંદું જીવે છે. જેને કોઈ બચતની સ્કીમ કે વ્યાજદરની સપાટીના લાભ સ્પર્શી પણ શકતા નથી. રાષ્ટ્રમાં તેના નામે ઘણી યોજનાઓ ઘડવામાં આવે છે છતાં તે હતો ત્યાં જ રહ્યા કરે છે, તેનો દોષ તે લઈ શકતો પણ નથી. રામને આ આમ આદમીના હૃદયમાં વસી જવાનું પસંદ છે. નવીધા ભક્તિમાં તેને રસ પડે છે. કથાકારોની કથામાં સેવા કરવાની તક મળે તો ગદ્ગદિત થઈ જાય છે ! દશેરા વખતે રાવણ દહન થાય ત્યારે તે હરખાય છે કારણ કે તે એકલો રાવણોને હરાવવા સક્ષમ નથી તેથી રોમાંચિત થઈ જાય છે. છતાં તે જાણે જ છે કે રાખનાં રમકડાં તો રામે જ રમતાં રાખ્યાં છે. એટલે ફટાકડાથી લથબથ રાવણ દહનથી ખરા અર્થવાળા રાવણો મરતા નથી અથવા રામરાજ્ય આવી શકતું નથી. અર્થતંત્રનો ખરો વિકાસ આવા પ્રકારના લોકોને કારણે હોવા છતાં તે વહાલથી જ વંચિત રહે છે. નાથાલાલો રાષ્ટ્રની નીતિઓ નક્કી કરતા હોય છે તેમાં નાથિયાનું કશું ઉપજતું નથી ! આમ નાગરિકોથી સાહિત્યની, સિનેસૃષ્ટિની, કલાની બજારની ચમક છે છતાં તેની બાદબાકી બધા કરતાં જ રહે છે તે કરૂણતા છે. બધા રાજા બની જાય તો પ્રજા કોણ થાય ? બધા પ્રજાજનો બને તો રાજા કોણ બને ? આ પ્રશ્નની વચ્ચે જ ક્યાંક આમ આદમી જીવનને સહારો આપતો રહે છે, જેને જીવનમાં ભરપૂર શ્રદ્ધા અને પ્રેમ છે, બીજી વાતોમાં તેને આનંદ થતો નથી. અહમદ મકરાણીના શેરમાં આમ આદમીની ઓળખ આવી છે :

નામ સરનામાં વગરના શ્વાસ
કાગળ આપણે
જળ ભરેલાં તોય ના વરસ્યા એ
વાદળ આપણે

